એર ઈન્ડિયા-જેટ યુક્રેનના હવાઈ ક્ષેત્રથી દુર રહેશે

નવી દિલ્હી,તા. ૧૮

મલેશિયન યાત્રી વિમાનને તોડી પાડવમાં આવ્યું હોવાના અહેવાલ બાદ સાવચેતીના પગલારૂપે એર ઈન્ડિયા અને જેટ એરવેઝે હવે યુદ્ધગ્રસ્ત પૂર્વીય યુક્રેનના વિમાનીક્ષેત્રમાંથી પોતાની ઉડાણોને નહી લઈ જવાનો નિર્ણય કર્યો છે. આના માટે ડીજીસીએ દ્વારા દિશાનિર્દેશ જારી કરવામાં આવી ચુક્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ બન્ને ભારતીય એરલાઈન્સ યુરોપ અને ઉત્તર અમેરિકામાં જતી તેની ફ્લાઈટોને આ માર્ગ પરથી નહી લઈ જવાનો નિર્ણય કર્યો છે. એર

ઈન્ડિયાના અધિકારીએ કહ્યું છે કે એર ઈન્ડિયા યુક્રેન જેવા સંઘર્ષક્ષેત્રના વિમાની ક્ષેત્રનો ઉપયોગ ટાળશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે મલેશિયન યાત્રી વિમાને ફુંકી મારવામાં આવ્યું હતુ જેમાં ૨૯૮ લોકોના મોત થયા છે. મળેલી માહિતી મુજબ ૩૩૦૦૦ ફુટની ઉંચાઈ પર ઉડાણપર હતુ ત્યારે વિમાન ભારતીય સમય મુજબ ૮.૪૫ વાગે રડાર પરથી ગાયબ થઈ ગયું હતુ. આ મલેશિયન યાત્રી વિમાન એમસ્ટર્ડમથી ક્વાલાલુમ્પુર તરફ આવી રહ્યું છે. આ વિમાને સ્થાનિક સમય મુજબ ૧૨:૧૦ વાગ્યે એમસ્ટર્ડમ વિમાની મથકેથી ઉડાણ ભરી હતી. તમામ લોકોના મોતની દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક સમય મુજબ છ વાગ્યે ક્વાલાલમ્પુર ખાતે આ વિમાન ઉતરનાર હતું. યુક્રેન સરકારે આને માટે તપાસનો આદેશ કર્યો છે.બોઈંગ વિમાનમાં મોટી સંખ્યમાં જુદા જુદા દેશોના પ્રવાસી હતા. સૌથી વદુ પ્રવાસી નેધરલેન્ડના હતા. અન્ય દેશોની એરલાઈન્સ પણ આ બનાવ બન્યા બાદ હવે યુક્રેનના હવાઈ ક્ષેત્રને ટાળવા માટે નિર્ણય કરી ચુકી છે. યુક્રેનના હિંસાગ્રસ્ત વિસ્તારમાં બળવાખોરો સક્રિય થયેલા છે. તેઓ જુદી જુદી માંગણીને લિને લડત ચલાવી રહ્યા છે. જો કે બળવાખોરોએ વિમાન પર હુમલો કર્યો હોવાનો ઈન્કાર કર્યો છે.

મોદીનું વિમાન આ જ માર્ગથી આવનાર હતું

પૂર્વીય યુક્રેનમાં મલેશિયન એરલાઈન્સના એક વિમાનને ફુંકી મારવામાં આવ્યા બાદ સમગ્ર દુનિયા આઘાતમાં છે. આ દરમિયાન એક ચોંકાવનારી બાબત એવી પણ સપાટી પર આવી છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ એ જ ફ્લાઈટ રૂટ પર પરત ફરનાર હતા. જે ફ્લાઈટ રુટ ઉપર એમએચ-૧૭ બોઈંગ ૭૭૭ને તોડી પડાયું હતું. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, નરેન્દ્ર મોદીના ફ્લાઈટ રૂટને આ બનાવ બાદ બદલી દેવામાં આવ્યો હતો. મોદીની ફ્લાઈટે બનાવના બે કલાક બાદ જર્મનીથી ઉડાણ ભરી હતી. જો આ બનાવ ન બન્યો હોત તો મોદીનું વિમાન પણ આ જ રૂટ ઉપરથી પસાર થનાર હતું. વડાપ્રધાન મોદીને સ્વદેશ લઈને આવી રહેલા એર ઈન્ડિયાના વિમાનના રૂટમાં ફેરફાર ન કરાયો હોત તો આ વિમાન પણ એક કલાક બાદ ઉપરથી ઉડાણ ભરનાર હતું. આ વિમાન ભારતીય સમય મુજબ ૪:૫૨ મિનીટે ઉડાણ ભરનાર હતું. કોઈપણ ફ્લાઈટને ફ્રેંકફર્ટથી દોત્સેક પહોંચવામાં ત્રણ કલાકનો સમય લાગે છે.

અખિલેશ દ્વારા તપાસનો આદેશ

લખનૌ ગેંગરેપ કેસ : ચાર તપાસ ટીમની રચના થઈ

લખનૌ, તા.૧૮

ઉત્તરપ્રદેશમાં ટિકાટિપ્પણીનો સામનો કરી રહેલી અખિલેશ યાદવ સરકારે ગેંગરેપ કેસ અને હત્યા કેસમાં તપાસનો આદેશ આપી દીધો છે. ૨૫ વર્ષીય મહિલાનો મૃતદેહ ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌના પરા વિસ્તારમાં મળી આવ્યો હતો. અખિલેશ યાદવે આ બનાવમાં તપાસ ઉપર અંગતરીતે નજર રાખવા રાજ્યના મુખ્ય સચિવ આલોક રંજનને સૂચના આપી છે. બીજી બાજુ પોલીસ મહાનિદેશક અલ બેનરજીએ આ કમકમાટીપૂર્ણ ગેંગરેપ અને હત્યા કેસમાં ચાર તપાસ ટીમોની રચના કરી છે. એડિશનલ જનરલ ઓફ પોલીસ સુતાપા સેનિયાલ અને તેમની ટીમે આ કેસમાં તપાસ હાથ ધરી છે. ઉત્તરપ્રદેશ પોલીસ સૂત્રોનું કહેવું છે કે, ગુના આચર્યા બાદ તમામ બળાત્કારીઓ લખનૌ શહેરમાંથી ફરાર થઇ ગયા છે. ઉત્તરપ્રદેશ પોલીસની જુદી જુદી ચાર ટીમો દોષિતોને પકડી પાડવા જુદી જુદી દિશામાં મોકલવામાં આવી છે. અખિલેશ યાદવ સરકારની હાલમાં ચારેબાજુ ટિકા થઇ રહી છે. કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી દ્વારા ટીકા કરવામાં આવી છે. લખનૌમાં એક સ્કૂલમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મહિલા ગોરખપુરની હતી.

અર્થતંત્રને વિકાસના પાટા ઉપર પરત લાવવા નેતાઓએ પાર્ટી પોલિટિક્સથી પર ઉઠી આગળ આવવું જોઈએ : જેટલી

નવી દિલ્હી, તા. ૧૮

લોકસભામાં બજેટ ઉપર ચર્ચાનો જવાબ આપતા નાણામંત્રી અરુણ જેટલીએ આજે ભારપૂર્વક કહ્યું હતું કે, રાજકારણીઓએ પાર્ટી પોલિટિક્સથી ઉપર ઉઠીને અર્થતંત્રને વિકાસના પાટા ઉપર લાવવા માટે પ્રયાસો કરવા જોઈએ અને સંપૂર્ણ સહકાર આપવો જોઈએ. જેટલીએ કહ્યું હતું કે, દેશના જીડીપી વિકાસદરને છેલ્લા થોડાક વર્ષમાં ખુબ જ માઠી અસર થઈ છે. સબસિડીની જે નીતિ રહેલી છે તેમાં સુધારા કરવાની તાકીદની જરૂર છે. ભારતીય આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા પોતાની યોજના અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, સરકાર બજેટના પગલાઓને અમલી બનાવવા કટિબદ્ધ છે. લાંબાગાળે મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપશે. તેમણે ઉમેર્યું હતું કે, કરવેરા સાથે સંબંધિત કેટલીક બાબતો પણ બિઝનેસને નુકસાન કરી રહી છે. આનાથી બોધપાઠ લેવાની જરૂર છે. ૧૯૯૧માં આર્થિક સુધારાઓમાં પ્રથમ જનરેશનના સુધારાને હાથ ધરવામાં આવ્યા બાદ ભારતીય અર્થતંત્રમાં સ્થિતિ સુધરી હતી. તેઓએ સહમતિ દર્શાવતા કહ્યું હતું કે, તેમની પાર્ટી બિઝનેસ લક્ષી છે અને તેઓ બિઝનેસમાં જ માને છે. કારણ કે આનાથી બેરોજગારીની સમસ્યા દૂર થઈ શકે છે. દેશમાં ગરીબી નાબૂદ થઈ શકે છે.

દેશમાં મૂડીરોકાણના ક્ષેત્ર ઉપર પ્રકાશ ફેંકતા તેમણે ક્વાલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવની પણ વાત કરી હતી. ખાનગી મૂડીરોકાણના અભાવમાં ઉંચા ટેક્સની પણ વાત કરી હતી. થોડાક સેક્ટરોમાં એફડીઆઈનું સ્વાગત કર્યું હતું. વિદેશી મૂડીરોકાણ ઘણી બધી સમસ્યાઓ ઉભી કરી શકે છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, રેટ્રોસપેક્ટિવ ટેક્સ બોજને ઘટાડવા માંગે છે. વિદેશી મૂડીરોકાણકારો અને સ્થાનિક મૂડીરોકાણકારોની ગુંચવણ દૂર કરવા માંગે છે. પ્રવર્તમાન ખામીઓને દૂર કરવામાં આવશે. વર્તમાન નાણાંકીય વર્ષ માટેના રાષ્ટ્રીય બજેટ ઉપર ચર્ચાનો જવાબ આપતા જેટલીએ આ મુજબની વાત કરી હતી. મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર યુપીએ દ્વારા કરવામાં આવેલી ભુલોને સુધારવામાં લાગેલી છે. બજેટ ભાષણમાં જેટલીએ અગાઉ કહ્યું હતું કે, સરકાર અર્થતંત્રને પાટા ઉપર લાવવા કટિબદ્ધ છે. ભારત અને વિદેશમાં રહેલા રોકાણકારોમાં આત્મવિશ્વાસ જરૂરી છે. વોડાફોન વિવાદને ઉકેલવાની પણ તેઓએ વાત કરી હતી.

૪ રાજ્યોમાં ભાજપને જીત અપાવવાની શાહની તૈયારી

નવી દિલ્હી,તા. ૧૮

ભાજપના નવા પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લધા બાદ અમિત શાહે હવે ચાર રાજ્યમાં વિધાનસભાની આાગામી ચૂંટણીમાં ભાજપને જીત અપાવવા માટેની તૈયારી શરૂ કરી દીધી હોવાના અહેવાલ મળ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં અન્ય રાજકીય પક્ષોનો સફાયો કરવા માટે નવી વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી છે. અમિત શાહે તમામ ચારેય રાજ્ય એકમોને કેટલીક સુચના આપી છે. જેના ભાગરૂપે જીતવા માટેની દરેક મતવિસ્તારમાં સ્થિતી કઇ રીતે ઉભી કરી શકાય. આને માટે શર જરૂર છે, સ્થાનિક

મુદ્દો શુ છે, વર્તમાન ધારાસભ્યોની સામે શાસાન વિરોધી પરિબળો કઇ રીતે કામ કરી રહ્યાછે અને અન્ય એવા કયા મુદ્દા યે જે ઉઠાવીને જીત મેળવી શકાય છે તે અંગે વિસ્તૃત યાદી તૈયાર કરી હાઇ કમાન્ડ સુધી મોકલી દેવા માટે કહેવામાં આવ્યું છે. ૧૦મી ઓગષ્ટ સુધીમાં યાદી અને અહેવાલ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. અમિત શાહ વાતચીતમાં વ્યસ્ત બની ગયા છે. શાહની સાથે પક્ષના જનરલ સેક્રેટરી જેપી નડ્ડા અને રામ માધવ પણ સક્રિય દેખાઇ રહ્યા છે. મહારાષ્ટ્ર, હરિયાણા, જમ્મુ કાશ્મીર અને ઝારખંડ જેવા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારી ભાજપ દ્વારા હાથ ધરવામાં આવી છે. તમામ રાજ્યોના પાસા ચકાસવામાં આવી રહ્યા છે. અમિત શાહ જમ્મુ કાશ્મીરમાં પીડીપી સાથે જોડાણ કરવા ઇચ્છુક નથી. તેઓ ખીણમાં બકરવાલ, સાથે અને લડાખમાં બોધ્ધ લોકો સાથે ચાલવા માંગે છે. જો કે એકલા હાથે મેદાનમાં ઉતારવાની ભાજપ રાજ્ય એકમના નેતાઓના સુચનને શાહ ફગાવી ચુક્યા છે. નડ્ડાને જમ્મુ કાશ્મીર રાજ્ય ચૂંટણી માટેની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. નડ્ડા સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવે છે.

મુંબઈમાં ઈમારતમાં આગ : એકનું મોત

હેલિકોપ્ટરની મદદથી ફસાયેલા લોકોને બચાવાયા : ફાયર બ્રિગેડના જવાનનું મોત થયું

મુંબઈ,તા. ૧૮

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈના અંધેરી વિસ્તારમાં ૨૨ માળની એક વેપારી ઈમારતમાં આજે સવારે ભીષણ આગ ફાટી નિકળી હતી જેના લીધે તેના ઉપરના બે ફ્લોર બળીને ખાખ થઇ ગયા હતા. વીવીઆઈપી લોકોની ઓફિસવાળી આ ઈમારતમા આગ ફાટી નિકળ્યા બાદ ભારે જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગ ઉપર કાબૂ મેળવવાની કવાયત દરમિયાન ફાયર બ્રિગેડના એક જવાનનું મોત થયું હતું જ્યારે અન્ય છ લોકો દાઝી ગયા હતા. આમાં ફસાઈ ગયેલા લોકોને બહાર કાઢવા માટે નૌકા સેના અને કોસ્ટગાર્ડના બે હેલિકોપ્ટરોની મદદ પણ લેવામાં આવી હતી. ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ અંધેરી લિંક રોડ ઉપર સ્થિત લોટસ

બિઝનેસ પાર્કની ૨૧મા માળ ઉપર આગ ફાટી નિકળી હતી. ટૂંકાગાળામાં આ આગ ૨૦માં માળ ઉપર પહોંચી ગઈ હતી. લિફ્ટમાં ૩૦થી વધુ લોકો ફસાઈ ગયા હતા. તેમને નેવી અને કોસ્ટગાર્ડના જવાનોની મદદથી કાઢવામાં આવ્યા હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ફાયર બ્રિગેડના કર્મચારીઓએ ખુબ જ મહેનત કરી હતી. હેલિકોપ્ટરની મદદથી છત ઉપર ફસાઈ ગયેલા તમામ લોકોને બચાવી લેવાયા હતા. સાંજે ચાર વાગ્યાની આસપાસ આ ઓપરેશન પૂર્ણ થયું હતું. દાઝી ગયેલા છ લોકોને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આસપાસના લોકોમાં પણ ભારે ચકચાર મચી ગઈ હતી. આગ ફાટી નિકળવાનું કારણ હજુ જાણી શકાયું નથી. બે ડઝનથી વધુ ફાયર ટેન્ડરો ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

પાંચથી છ આતંકવાદીઓનો પ્રયાસ

કાશ્મીર : ઘુસણખોરીના પ્રયાસને નિષ્ફળ કરાયો

શ્રીનગર, તા.૧૮

કાશ્મીરના બાંદીપુરા જિલ્લામાં અંકુશ રેખા ઉપર ભારતીય સેનાએ ઘુસણખોરીનો એક મોટો પ્રયાસ નિષ્ફળ બનાવી દીધો છે. આતંકવાદીઓની એક ટોળકીએ ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, પાંચથી છ આતંકવાદીઓની ટોળકી ગુરેજ સેક્ટરમાં અંકુશ રેખાની ભારતીય બાજુમાં ઘુસી ગઈ હતી. જ્યારે ભારતીય સેનાના સાવધાન થયેલા જવાનોએ પડકાર ફેંક્યો ત્યારે આ ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. ભારતીય જવાનોએ જવાબી કાર્યવાહી કરતા આ આતંકવાદીઓ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને ફરાર થઇ ગયા હતા. આ લોકો પાછા પાકિસ્તાનમાં જ ભાગી ગયા હતા. પોલીસે કહ્યું છે કે, થોડાક સમય સુધી ગોળીબાર ચાલ્યો હતો. જો કે, આ ગોળીબારમાં ભારતના પક્ષને કોઇ નુકસાન થયું નથી. આતંકવાદીઓ દ્વારા હાલમાં ઘુસણખોરી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે, જવાનો ત્રાસવાદીઓના કોઇ ઇરાદા સફળ થવા દઇ રહ્યા નથી.

ડિપ્રેશનથી વૃદ્ધ થવાની ગતિ ઝડપી : અહેવાલ

વોશિંગ્ટન,તા.૧૮

એમ માનવામાં આવે છે કે ડિપ્રેશન વ્યક્તિને માનસિક અને શારીરીક રીતે તેમજ ભાવનાત્મક રીતે કમજોર બનાવે છે પરંતુ હવે વૈજ્ઞાનિકોએ પણ હવે કબૂલાત કરતા કહ્યું છે કે આ સમસ્યાઓની સાથે સાથે ડિપ્રેશનના લીધે વ્યક્તિ મોટી વયની દેખાવાની પણ વહેલી તકે શરૂઆત થઈ જાય છે. ડિપ્રેશનના કારણે વૃદ્ધા વ્યવસ્થા વહેલી તકે દેખાવા લાગે છે. નેધરલેન્ડના વૈજ્ઞાનિકોએ એક અભ્યાસમાં શોધી કાઢ્યું છે કે ડિપ્રેશનના કારણે શારીરિક ક્ષમતા ઉપર ખૂબ માઠી અસર થાય છે. ડિપ્રેશનમાં સેલ્સ એજીંગની પ્રક્રિયાને ઝડપી બનાવી દે છે. જે લોકો ગંભીર પ્રકારના ડિપ્રેશનથી ગ્રસ્ત હોય છે તે લોકો સામાન્ય લોકોની સરખામણીમાં ખૂબ વહેલી તકે વૃદ્ધ થઈ જાય છે. ૨૪૦૭ લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

એ જ અંતરનાં એક આશ લઇને બેઠી છું,
મારા ગોંખે શોભતા શણગાર
હરાઇ રહ્યા છે
મારાં ગાત્રામાં શિથિલતા આવી ગઇ છે,
ખબર નથી ક્યારે ખોઇ દીધું મેં યૌવન,
ભલે મારાં અંગો પર કરચલીઓ પડી,
આંખે નેજવું કરીને કરું છું,
તારી જ પ્રતિક્ષા
આજે ય મારી કુંખે ઉગે છે
લીલા લીલા ઓરતા
ચોમાસું ઘાસની જેમ,
આમ તો યુદ્ધનો કોઇ અંત હોતો નથી.
છતાં સદીઓની મારી ઝંખના પુરી કર,
એકવાર આવી ઊભો રહે,
આ વિજય તોરણે,
અને
એક સ્મિત આપ,
તો પણ જીવતર ધન્ય થશે
કોને કહું મારી કથની,
મારી કથા, મારી વ્યથા,
એકવાર આવી જા
કુંવારા ઓરતા લઇ બેઠી છું હું,
ખાલીખમ્મ,
વરસી જા, એકવાર તો
થઇ જાઉં છલોછલ

- નટવર હેડાઉ

રણબીર કપુરને સુપરહિરો તરીકે ચમકાવવાની તૈયારી

મુંબઈ,તા. ૧૮

યુવા પેઢીમાં સૌથી લોકપ્રિય સ્ટાર રણબીર કપુર હવે સુપરહિરોની ભૂમિકા અદા કરશે. પ્રાપ્ત અહેવાલ મુજબ અયાન મુખર્જીએ રણબીરને લઈને નવી ફિલ્મ બનાવવા માટેની તૈયારી કરી લીધી છે. આયાન પોતાના મિત્ર રણબીરને હમેંશા સૌથી વધુ પ્રાથમિકતા આપે છે. આ જ કારણસર તેને સૌથી વધુ ફિલ્મોની ઓફર કરે છે. રણબીરને લઈને આગાઉ વેક અપ સિડ અને યે જવાની હે દિવાની જેવી ફિલ્મ બનાવી ચુકેલા અયાને નવી ફિલ્મ બનાવવા માટેની તૈયારી કરી લીધી છે. આ ફિલ્મમાં પણ રણબીર કપુરને જ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રણબીર કપુર સાથે અભિનેત્રી તરીકેની ભૂમિકા કોણ કરશે તે અંગે કોઈ નિર્ણય

કરવામાં આવ્યો નથી. એવી અટકળો ચાલી રહી છે કે આ ફિલ્મમાં રણબીર સુપરહિરોની ભૂમિકા અદા કરશે. આ સંબંધમાં વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી. આ પંરપરાગત સુપરહિરોની ફિલ્મ કરતા અલગ ફિલ્મ રહેશે. ફિલ્મના નિર્દેશક અયાન અંગે રણબીર હમેંશા કહે છે કે તોઓ એક સારા લેખક છે. હાલમાં પટકથા પર કામ ચાલી રહ્યું છે. જો કે સુપરહિરોની બની રહેલી ફિલ્મનુ બજેટ વધી ન જાય તેવા હાલમાં પ્રયાસ થઈ રહ્યા છે ફિલ્મમાં રણબીરની સાથે કોણ હશે તે અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો હતો. અયાન અને રણબીરે કોઈ વાત કરી નથી. પરંતુ એવા અહેવાલ પણ આવી રહ્યા છે કે આલિયા ભટ્ટના નામ પર ચર્ચા ચાલી રહી છે.

અમરનાથ બેઝ કેમ્પ નજીક હિંસા : ૨૫ લોકોને ઈજાઓ

શ્રીનગર,તા. ૧૮

અમરનાથ યાત્રાના બેઝકેમ્પ ગણાતા બલતાલ નજીક હિંસક અથડામણ આજે ફાટી નિકળી હતી. રસોડા ચલાવનાર સમુદાય અને અન્ય લોકો વચ્ચે વિવાદ બાદ અથડામમ થઈ હતી. જેના કારણે સીઆરપીએફના જવાનો અને અન્યોને દરમિયાનગીરી કરવી પડી હતી. આ બનાવમાં ૨૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. અમરનાથ બેઝ કેમ્પ નજીક અથડામણ બાદ યાત્રાને થોડાક સમય માટે સસ્પેન્ડ કરવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાએ તરત જ આ બનાવની નોંધ લીધી હતી અને આ વિસ્તારમાં વરિષ્ઠ અધિકારીઓને મોકલ્યા હતા. શ્રીનગરથી ૧૦૦ કિલોમીટર દક્ષિણ પૂર્વમાં સ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. કેન્દ્રિય ગૃહપ્રધાન રાજનાથસિંહે હિંસાના મામલે મુખ્યમંત્રી સાથે ફોન પર વાતચીત કરી હતી અને તમામ જરૂરી પગલા લેવા કહ્યું હતું. આ બનાવ બલતાલ વિસ્તાર નજીક દુમેલ ખાતે બન્યો હતો. સોનમર્ગ હેઠળ આવતા આ વિસ્તારને ટ્યુરિસ્ટ કેન્દ્ર તરીકે પણ ગણવામાં આવે છે. શ્રદ્ધાળુઓ માટે રસોડા ચલાવનાર લોકો અને પવિત્ર યાત્રાધામ સુધી યાત્રીઓને લઈ જતાં લોકો વચ્ચે બોલાચાલી થયા બાદ અથડામણ થઈ હતી. ટુંકાગાળામાં જ મામલો બિચક્યો હતો અને હિંસા શરૂ થઈ ગઈ હતી. જેના લીધે ફરજ બજાવતા સીઆરપીએફના જવાનોને દરમિયાનગીરી કરવી પડી હતી. ૨૫થી વધુ લોકો અથડામણમાં ઘાયલ થયા હતા. કેટલાક લોકોને દાઝી જવાની ઈજા થઈ છે. સીઆરપીએફના જવાનોએ ટેન્ટને આગ ચાંપી દીધી હતી. સુરક્ષા દળોએ આવા આક્ષેપોને રદિયો આપ્યો છે. સાવચેતીના પગલારુપે યાત્રાને રોકવામાં આવી હતી.

કેન્સરના કારણે થતાં મૃત્યુમાં બીજા ક્રમાંકે લીવર કેન્સર છે

વિશ્વભરમાં કેન્સરને કારણે થતાં મૃત્યુમાં બીજા ક્રમાંક લીવર કેન્સરનો આવે છે. લીવર કેન્સરએ સૌથી સામાન્ય પ્રકારે દેખા દેતુ પાંચમાં નંબરનું કેન્સર છે. જેના લીધે લીવર કેન્સરના શરૂઆતના તબક્કામાં કોઈ ખાસ ચિન્હો દેખાતા નથી પરંતુ જ્યારે છેલ્લા નિદાન થાય ત્યારે કોઈ સારવાર શક્ય બનતી નથી. જો કે, અમદાવાદમાં અમદાવાદના એક તબીબ દ્વારા આ લીવર કેન્સરની અસરકારક સારવાર ઉપલબ્ધ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જીવલેણ મનાતા લીવર કેન્સરનો ઉદ્ભવ ક્રોનિક લીવર રોગના કારણે થયો છે. ક્રોનિક લીવર રોગ મુખ્યત્વે હિપેટાઈસીસ બી અને સી ઈન્ફેક્શન અથવા આલ્કોહોલના વપરાશના કારણે ઉદ્ભવે છે. આ લીવર કેન્સરમાં શરૂઆતમાં દર્દીનું પેટ ભારેખમ લાગે છે અથવા દુખાવો થાય છે. જેને સામાન્યરીતે અવગણવામાં આવે છે. ધીરે ધીરે આ કેન્સર એવા તબક્કામાં પહોંચી જાય છે જ્યાં તેની સારવાર શક્ય બનતી નથી. જો કે, લીવર કેન્સરનું શરૂઆતમાં તબક્કામાં નિદાન કરવામાં આવે તો તેની અસરકારક સારવાર શક્ય બને છે. આ અંગે ડોક્ટર જીતેન્દ્ર મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, સર્જરી દ્વારા ગાંઠ દૂર કરીને અથવા લીવર ટ્રાન્સપ્લાન્ટેશન દ્વારા લીવર કેન્સરની સારવાર કરી શક્યા છે. ઉલ્લેખનીય છે કે, લીવર કેન્સર કોઈપણ વ્યક્તિને થઈ શકે છે.

સમાચાર ઝલક

- શતાબ્દી એક્સપ્રેસમાંથી અલીગઢમાં મહિલા ટી.ટી.ઈએ યુવકને ધક્કો મારી ફેંકી દીધો.
- અલગ રહેતી પત્ની ગમે તે સ્થિતિમાં હોય તો પણ નિર્વાહ ભથ્થા માટે હકદાર છે-સુપ્રીમ.
- નિયમિત દુઃખાવાની દવા લેવાથી શ્રવણ શક્તિને અસર પહોંચે છે.
- રાજ્યમાં એન.આર.આઈ. બેંક ડીપોઝીટમાં વધારો.
- જય દ્વારકાધીશ દ્વારકાના પુજારીને ૨૦૧૩-૧૪માં રૂ. ૬ કરોડથી વધુ આવક મળી.
- ૨૦૧૩માં ઉપનગરીય ટ્રેનોએ ૬૮૫૦ લોકોનો ભોગ લીધો-સૌથી વધારે મુંબઈમાં મૃત્યુ થયા.
- અંકલેશ્વરમાં ઝેરી જાનવરો પકડનાર ઈમરામ પટેલનું કોબ્રાના દંશથી જ મોત.
- ગુજરાતના ધારાસભ્યોના પગાર-ભથ્થા વધશે. શાસક-વિપક્ષ સંમત.
- લોક સાહિત્યકાર બાબુભાઈ રાણપુરાનું અવસાન.
- દેશમાં કોલસાની અછત થતાં વીજ સંકટ ઘેરુ બને તેવા અણસાર.
- બ્રિટનમાં પ્રધાન મંડળમાં પટેલનો દબદબો. પ્રિતી પટેલ નાણાં ખાતાનો ટેક્ષ વિભાગ સંભાળશે.
- મેઘકૃપા થતાં એસ.ટી.ની આવક ઘટી, અવર જવર ઓછી થવા લાગી.
- વડોદરા પોલીસ મથકમાંથી બાંગ્લાદેશની રૂપલલના 'રૂપા' ફરાર થઈ. પોલીસ તંત્રમાં દોડધામ.
- એક સાથે ત્રણ સિસ્ટમો સક્રિય બનતાં ગુજરાતમાં ૭૨ કલાકની વરસાદની આગાહી.
- સૌરાષ્ટ્રનો ગાંડોતૂર બનેલો દરિયો. ૨૫ થી ૫૦ ફૂટ ઊંચા ઉછળતા મોજા.